
દાદા ભગવાન પરિવારનું

ફેબ્રુઆરી ૨૦૧૯

પ્રતિ પ્રત ભાવ : ₹ ૨૦/-

# અક્રમ એક્સપ્રેસ



## હાર્ટિલી

# હાર્ટિલી

## સંપાદકીય

બાળમિત્રો,

હાર્ટિલી એટલે હૃદયવાળા, લાગણીવાળા. જ્યાં હૃદય છે ત્યાં માનવતા છે. નહીં તો પાશવતા જ છે. હાર્ટ ડેવલપ થવું એ બહુ મોટી વસ્તુ છે. ઘણા ઘણા જન્મોના સંસ્કારથી વ્યક્તિ ડેવલપ હાર્ટ લઈને આવેલો હોય. અથવા આ જન્મમાં જો એને સારા સંતોનો, સત્સંગનો કે જ્ઞાની પુરુષનો ભેટો થઈ જાય તો હાર્ટ ડેવલપ થાય.

આ વાંચીને તમને પણ હાર્ટિલી થવાનું મન થઈ ગયું ને!

તો આવો, આ અંકમાંથી આપણે જાણીએ કે હાર્ટિલી વ્યક્તિના લક્ષણો કેવા હોય ?, હાર્ટિલી કેવી રીતે બનાય ? કેમ હાર્ટિલી લોકો બધાને વહાલા હોય છે ?

અને હા...આ વાંચ્યા પછી હાર્ટિલી બનવાનો નિશ્ચય કરવાનું ભૂલતા નહીં હોં.

-ડિમ્પલ મહેતા

અક્રમ એક્સપ્રેસ


વર્ષ : ૧૧, અંક : ૬
સળંગ અંક : ૧૨૬
ફેબ્રુઆરી ૨૦૧૯



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



Editor : Dimple Mehta

Printer & Published by

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Owned by
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Printed at
Amba Offset
B-99, GIDC, Sector-25,
Gandhinagar - 382025.

Published at
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist-Gandhinagar.



© 2019, Dada Bhagwan Foundation
All Rights Reserved



લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૨૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૨ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૮૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૫૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# જ્ઞાનીઓ કહે છે...

પ્રશ્નકર્તા : બહારથી આપણને કોઈ ખરાબ સમાચાર આવે અથવા કોઈ વ્યક્તિ પોતાનો પ્રોબ્લેમ કહે તો થોડુંક દુઃખ થાય. મનમાં પ્રાર્થના કરીએ, પણ અંદર એવું થઈ જાય કે આવું ના થયું હોત તો સારું. તો આ કેવું કહેવાય?

પૂજ્યશ્રીઃ કોઈકના દુઃખ જોઈને અંદર અસર થાય એ લાગણીવાળું કહેવાય, હાર્ટિલી કહેવાય. હાર્ટિલી કેવું હોય ? સામાના દુઃખ જેવી જ પોતાને દુઃખની અસર ઊભી થઈ જાય. એટલી બધી અસર થાય કે સામાને દુઃખ લાગતું હોય એના કરતાં દસગણું વધારે પોતાને લાગે. એ અસર, એ લાગણીવાળો સ્વભાવ, હાર્ટિલી સ્વભાવ કહેવાય.

અને પેલો બુદ્ધિવાળો કેવો હોય ? કે એના કરમ એ ભોગવે. આપણે શું કરી શકીએ ?, મારે શું લેવા-દેવા ? એ સાચો રસ્તો નથી.

હાર્ટિલી એટલે શું ? દા.ત. કોઈ માંદો હોય, એને દુઃખ થતું હોય, તો હાર્ટિલી માણસ એને હેલ્પ કરે, સેવા ય કરે. અને અંદરથી પ્રાર્થના પણ કરે કે આને આવું દુઃખ ના થાય અથવા એને દુઃખમાં સમતા રહે એવી શક્તિ આપો.

હાર્ટિલી સ્વભાવમાં લાગણી હોય કે, અરેરે ! બિચારાને કેટલી તકલીફ છે ! એવી અસર થાય એને. અને થવી જ જોઈએ. તો જ એ હાર્ટ ખીલતું જાય.

હાર્ટિલી સ્વભાવ વધે એ ઉત્તમ કહેવાય. બુદ્ધિવાળો સ્વભાવ સારો નહીં. માન આપે એની સાથે એટેચમેન્ટ વધી જાય અને જરાક કોકે દુઃખ આપ્યું એટલે સંબંધ કાપી નાંખે. દુઃખ આપ્યું હોય એને દુઃખ પડે ત્યારે ખુશ થાય, એ સારું ન કહેવાય. લાગણી થવી જોઈએ. આપણું ગમે તેવું દુઃખ હોય તો ય એ ભૂલીને એને હેલ્પ કરવી જોઈએ. એ હાર્ટિલી સ્વભાવ.


હાર્ટ સત્સંગથી ખીલે, સંતોના આશીર્વાદથી ખીલે. આપણું જ્ઞાન હાર્ટ વધારનારું છે.



# આ તો નવી જ વાત !

આપણે દુઃખી હોઈએ અને કોઈ
આપણું ધ્યાન રાખે તો બહુ ગમે છે.
પણ કોઈ દુઃખી હોય તો આટલુંય
કરવું નથી, એ સ્વાર્થ બુદ્ધિ.





દુશ્મન હોય તો ય એનું
દુઃખ મટે, એવી ભાવના,
એનું નામ હાર્ટિલી
કહેવાય. અને આ તો
દુશ્મન ઉપર પાશવતા થઈ
જાય. 'સીધો કર્યો એને'
કહીને ખુશ થાય.

હાર્ટ એટલે શું ? પોતાની તકલીફને દૂર કરવા જતાં જો સામાને દુઃખ થતું લાગે તો પોતે તપ કરે પણ સામાને દુઃખ ન પડવા દે...ત્યારે એ હાર્ટ કહેવાય.

અને એને દુઃખ પડતું હોય તો પડે, મરે, મારે શું ? હું મારી મઝા કરી લઉં. મારા મોહ પૂરા કરી લઉં..એ બુદ્ધિ બધી.


દા.ત. બુદ્ધિવાળો, પપ્પાને ૨૦૦૦ રૂપિયાના બૂટ લાવવાના કહ્યા હોય તો, પપ્પાને તકલીફ હોય તો પણ લઈને છૂટકો કરે. જ્યારે હાર્ટવાળો પપ્પાની તકલીફ જોઈને બૂટ માંગે જ નહીં. એની પાસે જે હોય એનાથી ચલાવી લે.






હાર્ટ કો'ક દહાડો આત્મા તરફ લઈ જશે. અને બુદ્ધિ આત્માથી દૂર લઈ જશે.

# કોના જેવું બનવાનું પસંદ કરીશ ?



એક અંધારી રાત હતી. વીજળીના કડાકા અને ભડાકા થઈ રહ્યા હતા. વાદળોના ગડગડાટ સાથે મુશળધાર વરસાદ વરસી પડ્યો. નાનકડી ઝૂંપડીના દરવાજા પર ત્રણ ટકોરા પડ્યા.

"કોઈ છે કે ?" મુસાફરના અવાજમાં લાચારી હતી.

"લાગે છે કે કોઈ ભૂલું પડી ગયું છે. અંધારી રાત છે અને જંગલમાં ખૂંખાર પ્રાણીઓ છે. આપણે એમને આશરો આપવો જોઈએ." રામદાસે પત્નીને દરવાજો ખોલવા કહ્યું.

"હેં ? આવડી નાનકડી ઝૂંપડીમાં ત્રીજું માણસ કેમનું સમાય ?" પત્નીએ દરવાજો ખોલવાનો ઈનકાર કર્યો.

"અરે, હું જાણું છું કે આ કોઈ રાજાનો મહેલ નથી. ગરીબની નાનકડી ઝૂંપડી છે. ત્રણ માણસ સૂઈ ના શકે, તો શું થઈ ગયું ? બેઠા બેઠા અલક-મલકની વાતો કરી, ગીતો ગાઈને રાત ગાળીશું. મહેરબાની કરીને દરવાજો ખોલો," રામદાસે આજીજી કરી.

પત્નીએ દરવાજો ખોલ્યો. વરસાદમાં ભીંજાયેલા મુસાફરે દિલથી આભાર વ્યક્ત કર્યો.

થોડીવાર થઈ અને દરવાજા પર ફરી ટકોરા પડ્યા. દરવાજા પાસે બેઠેલા મુસાફરને રામદાસે દરવાજો ખોલવા કહ્યું.

"શું કહો છો તમે, ભાઈ ? આવડી નાનકડી ઓરડીમાં મહાપરાણે આપણે ત્રણ બેઠા છીએ. ચોથાની જગ્યા જ ક્યાં છે ?" મુસાફરે દરવાજો ખોલવાનો ઈનકાર કર્યો.

"અરે ભાઈ, જાણું છું કે આ કોઈ રાજાનો મહેલ નથી. ગરીબની નાનકડી ઝૂંપડી છે. ત્રણ બેઠા છીએ, તો ચાર ઊભા ઊભા રાત ગાળીશું." રામદાસે મુસાફરને દરવાજો ખોલવા વિનંતી કરી.

મુસાફરે મહાપરાણે બીજા મુસાફર માટે દરવાજો ખોલ્યો. થોડીવાર રહીને, ફરી એવું જ બન્યું. જે દુ:ખનો સામનો પોતે થોડા સમય પહેલાં કર્યો હતો, તે દુ:ખમાં સામાને જોઈને, લાગણી થવાને બદલે સહુએ પોતાની સગવડતાનો પહેલાં વિચાર કર્યો.

વાર્તા પતી, એટલે દાદીએ અંજલિના માથે હાથ ફેરવીને કહેલું, "દીકરા, ઘણી ખરી વાર પોતાનું સુખ સાચવવા માટે પેલા મુસાફરોની જેમ, બીજાના દુ:ખ સામે પડદો પડી જાય છે." વળી, રામદાસ જેવી વ્યક્તિઓ પોતાની સગવડતાનો વિચાર કર્યા વગર, બીજાને દુ:ખમાંથી ઉગારવાની લાગણીઓ ધરાવે છે.

બોલ, તું કોના જેવું બનવાનું પસંદ કરીશ ? લાગણીશીલ રામદાસ કે સ્વાર્થી મુસાફર ?

આ વાર્તાની અંજલિના હૃદય પર એટલી ઊંડી અસર થઈ હતી કે વર્ષો બાદ પણ એ સામાના સુખનો પહેલાં વિચાર કરતી. અને એટલે જ તે કોલેજમાં સહુની પ્રિય હતી.

દર સેમિસ્ટરની જેમ, આ સેમિસ્ટરમાં પણ પ્રોજેક્ટ સબમીશન પહેલાં અંજલિનું ગ્રુપ એના ઘરે ભેગું થયું હતું.

રાતના અગિયાર વાગે અંજલિના મમ્મી, ગરમાગરમ ભજિયા અને કોફી આપવા આવ્યા, "છોકરીઓ, બહુ મોડું ના કરતા."

"ઓહ, થેન્ક યુ સો મચ આન્ટી" નીલુએ ભજિયું મોઢામાં મૂકતાં કહ્યું.

સોનાલીની નજર નીલુના પ્રોજેક્ટ પર ગઈ. "અરે વાહ નીલુ, તારું કામ તો પતવા આવ્યું. યુ લકી, યાર."

નીલુની સ્માઈલમાં થોડો ગર્વ હતો. "હા, યાર. આઈ કાન્ટ વેઈટ કે ક્યારે આ પતે, અને ક્યારે હું પેલી રજાઈમાં ઘૂસીને સૂઈ જાઉં." નીલુ જ નહીં - અંજલિ, નીતિ અને સોનાલી પણ એ જ ક્ષણની રાહ જોઈ રહ્યા હતા.

સળંગ ઉજાગરાની આ છેલ્લી રાત હતી. સહુની આંખો, થાક અને ઊંઘની ચાડી ખાઈ રહી હતી.

સોનાલીએ પોતાના પ્રોજેક્ટ સામે જોયું અને એનો થાક ઓર વધી ગયો. "અને, મારા પ્રોજેક્ટનું પતવાનું મુહૂર્ત ક્યારે નીકળશે." સોનાલીએ નિસાસો નાખ્યો.

રાતના એક વાગ્યો. એક બાજુ નીલું અને નીતિના તીણા નસકોરા સંભળાઈ રહ્યા હતા. તો બીજી બાજુ બહારથી ક્રિકેટનો તીણો અવાજ આવી રહ્યો હતો.

અંજલિએ ચશ્મા ટેબલ પર મૂક્યા અને હાથ મરડ્યો, "ફાઈનલી આઈ એમ ડન. ગુડ નાઈટ સોનાલી."

પણ, સોનાલી માટે નાઈટ - 'ગુડ' તો કોઈ એન્ગલથી હતી જ નહીં.

"ગુડ નાઈટ." સોનાલીનો અવાજ દયાજનક હતો. અંજલિએ ફટ દઈને પોતાના હાથ નીચે કર્યા, અને આંખો ચોળી. સોનાલીની પાસે શાંતિથી જઈને બેઠી અને કહ્યું, "ડોન્ટ વરી યાર. હું છું ને. ચાલ, આપણે સાથે મળીને તારું કામ પતાવી દઈએ. લેટ મી હેલ્પ યુ."



બે શબ્દ જો અંજલિએ વધારે કહ્યા હોત, તો સોનાલીના આંખમાં આંસુ આવી જાત.

"ના અંજલિ. હું પતાવી દઈશ. લુક એટ યુ. તું કેટલી થાકી ગઈ છે. જા, જઈને સૂઈ જા." સોનાલીએ કહ્યું.

પણ પોતાની ફ્રેન્ડને મુશ્કેલીમાં જોઈને, અંજલિ ચેનની ઊંઘ કેવી રીતે માણી શકે ? ચશ્મા ચઢાવી એ સોનાલીની પાસે ગોઠવાઈ ગઈ.

પરોઢિયે ચાર વાગે સોનાલીનો પ્રોજેક્ટ પત્યો. શરીરમાં થાક હતો, પણ અંજલિ અને સોનાલીના મનમાં એક અનેરો સંતોષ હતો.

"થેન્ક્સ યાર, થેંક યુ સો મચ." સોનાલીએ અંજલિને કહ્યું.

"ઓ.કે. ઓ.કે. બહુ ફોર્મલ થવાની જરૂર નથી. ચાલ હવે, બે કલાક સૂઈ જઈએ તો થોડા ફ્રેશ થઈ જઈશું."

અંજલિ અને સોનાલી રજાઈમાં ગોઠવાઈ ગયા.

"અંજલિ, કેન યુ ઈમેજીન ? કાલે, ઓહ આઈ મીન આજે, આપણે ફ્રી થઈ જઈશું. તદ્દન ફ્રી..." સોનાલી સપના જોવા લાગી, "પહેલા આપણે કેન્ટીનમાં વડાપાંઉ ખાઈશું, પછી આપણે કેફેમા જઈને..."

"હા, હા..બધું જ કરીશું. પણ પ્લીઝ અત્યારે સૂઈ જા." અંજલિએ સોનાલીના માથે ટપલી મારી.

તે દિવસે પ્રોજેક્ટ સબમીશન પછી સોનાલીની હાલત જોવા જેવી હતી. જાણે કોઈ પીંજરામાં પૂરેલા પંખીને ખુલ્લા આકાશમાં છોડી દીધું હોય તેવી મુક્તતા એને મહેસૂસ થઈ રહી હતી.

પાર્કિંગ લોટમાંથી એ એનું વ્હીકલ લેવા ગઈ, ત્યારે પાછળથી કોઈએ એના ખભે હાથ મૂક્યો.

"હાય સોનાલી," અશ્મીએ ધીમા અવાજે કહ્યું.

"અશ્મી. હાય..." સોનાલીએ જોરથી અશ્મીને પકડી લીધી, "આમ શું ધીમું ધીમું બોલે છે ? આજ તો ખુશી કા દિન હૈ. આજ તો હમ સેલીબ્રેટ કરેંગે." સોનાલીના મનમાં તરંગો ફૂટી રહ્યા હતા.

"સોનાલી, મારો પ્રોજેક્ટ આજે સબમિટ ના થયો. સરે મને કાલ સુધીની પરમીશન આપી છે." અશ્મીની વાત ચાલી રહી હતી, ત્યાં તો અંજલિ ત્યાં આવી પહોંચી.



"જો કાલે હું મારો પ્રોજેક્ટ સબમિટ નહીં કરું તો..." પરિણામ વિચારીને, અશ્મી એનું વાક્ય પણ પતાવી ના શકી. "મારે હેલ્પની જરૂર છે. સોનાલી, તું મને હેલ્પ કરીશ ?" હિંમત ભેગી કરી, અશ્મીએ સોનાલીને પૂછ્યું.

સોનાલીના મનમાં ચાલતા તરંગોની ફિલ્મ પર અચાનક પોઝ આવી ગયો. થોડી ક્ષણોમાં તો એણે અનેક બહાનાઓ વિચારી કાઢ્યા. એક ક્ષણ માટે.

એને એવો વિચાર પણ આવી ગયો કે "પાંચ મિનિટ પહેલાં અહીંયા આવી હોત, તો અશ્મીનો સામનો જ ના કરવો પડત."

પોતે ઘડેલા એન્જોય કરવાના પ્લાન્સ સામે એને અશ્મીની સ્થિતિ પર કોઈ લાગણી નહોતી થઈ રહી.

પોતાના સુખ સામે અશ્મીની તકલીફ પ્રત્યે પડદો જ પડી ગયો હતો. એ ભૂલી ગઈ

કે ફક્ત બાર કલાક પહેલાં એ પોતે પણ અશ્મીની સ્થિતિમાં જ હતી. અને અત્યારે એ છટકવાના બહાના શોધી રહી હતી. થોડી ક્ષણોની ચૂપકીદી પછી આ શબ્દો સોનાલીના મોઢામાંથી નીકળ્યા.

"ઓહ, અશ્મી આઈ એમ સો સોરી ટુ હિયર ધેટ..હું ચોક્કસ તને હેલ્પ કરત પણ છે ને આજે તો મારે..."

સોનાલી એનું બહાનું પૂરું કરે એ પહેલા અંજલિ બોલી પડી, "અશ્મી, તું મારા ઘરે ચાલ. હું તને હેલ્પ કરીશ."

સામાની તકલીફ જોઈને, એવી જ તકલીફની અસર અંજલિને ઊભી થઈ જતી.

સોનાલી સ્તબ્ધ થઈ ગઈ. એને થયું, "એન્જોય કરવાના પ્લાન્સ તો અંજલિએ પણ બનાવ્યા હતા. મારા કરતાં વધુ થાક તો એને લાગ્યો હશે." એ અંજલિને જોતી જ રહી ગઈ.


"કોના જેવું બનવાનું પસંદ કરીશ - લાગણીશીલ રામદાસ કે સ્વાર્થી મુસાફર ?" દાદીએ વષી પહેલા અંજલિને પૂછ્યું હતું. દાદીને મનોમન આપેલું વચન, આજે પણ એને લાગણીની દિશામાં જ દોરી જતું.

# અમૃત





પણ કોઈને મદદ કરવાની વાત કુંવરના દિલને ક્યાંથી રુચે ?
બસ, આ છેલ્લી વાર કહું છું મંત્રીજી કે અમને પૂછ્યા વગર કોઈ બહારની વ્યક્તિને આ દરબારમાં આવવાની પરવાનગી ના મળવી જોઈએ.
જમુના માજી નિરાશ થઈને ચાલ્યા ગયા. તે રાત્રે,
કુંવરસાહેબ, નાના મોઢે મોટી વાત કહું છું. પણ, રાણીમા હંમેશાં સહુની મદદ કરતા. જો આપ પણ...
મદદ ? પણ એનાથી મને શું ફાયદો ?
કુંવર, દરેક બાબતમાં ફાયદો, નુકસાન તો ના જોવાય ને. બીજાનું દુઃખ જોઈ, આપણું હૃદય કકળે તો ખરું ને ?
એક વાત સમજી લો મંત્રીજી. રાણીમા હવે રહ્યા નથી. અને એમના જેવી લાગણીઓ અમારામાં જડશે નહીં. એટલે નાહક શોધવાની કોશિશ ના કરો.
ફક્ત મંત્રીજી જ નહીં, પણ પદ્માનગરીની પ્રજા પણ કુંવરજીના વલણથી પરેશાન હતી.
ક્યાં એ લાગણીઓના સાગર જેવા રાણીમા અને ક્યાં આ મતલબી કુંવર. કોઈ મેળ નથી. શું સમય આવી ગયો.



જ્યાં પ્રજા કુંવરના અભિગમથી પરેશાન હતી, ત્યાં કુંવર પોતાના શરીરમાં થતા એક વિચિત્ર ફેરફારથી...
આ શું ? આ આંગળીઓ ખરેખર વાંકી થઈ રહી છે કે આ મારો ભ્રમ છે ?
ધીમે ધીમે કુંવરનો ભ્રમ હકીકતમાં બદલાઈ ગયો. ફક્ત આંગળીઓ જ નહીં, પણ કુંવરના બધા જ અંગ વાંકા થવા લાગ્યા.
ઘણા રાજ્યોના વૈદોને બોલાવવામાં આવ્યા. પણ કુંવરના રોગનું ના કોઈની પાસે નિદાન હતું કે ના કોઈ ઉપચાર.
ભયંકર લાચારી કુંવરને ઘેરી વળી. એક દિવસ...
કુંવરજી, સમાચાર મળ્યા છે કે નદીને પેલે પાર એક વિદ્વાન વૈદ રહે છે. પણ તેઓ લાંબી મુસાફરી કરવા તૈયાર નથી.
રોગથી મુક્તિ મેળવવા કુંવર કંઈ પણ કરવા તૈયાર હતા.
તો આપણે એમની પાસે જઈશું. કાલે પરોઢિયે જ જવાની તૈયારી કરો મંત્રીજી.



વૈદે કુંવરને તપાસ્યા.
આ રોગનો ફક્ત એક જ ઈલાજ છે. પેલા અમૃતના બે ટીપાં.
કુંવરને આશા જાગી.
અમૃતના એ બે ટીપાં, જેણે કદી પીધા, વાંકા થાય સીધા. વિદ્વાનો એ આ વચન છે કીધા.
કયા ટીપાં ? ક્યાં મળશે આ ટીપાં ?
આટલું કહીને, વૈદ તો મૌન થઈ ગયા. ઘણુંય પૂછ્યું, પણ વૈદના મુખમાંથી એક શબ્દ પણ ના નીકળ્યો.
શું તમને મારી આ પીડા જોઈને સહેજ પણ લાગણી નથી થતી ? ઉપચાર ખબર છે તો કહેતા કેમ નથી ?
પણ કુંવરના શબ્દોની વૈદ પર કોઈ અસર ના થઈ. પોતાના જેવું જ લાગણીવિહીન વ્યક્તિત્વ જોઈને કુંવરને વૈદ કરતાં વધુ ધૃણા પોતાની જાત પર થઈ.
નિરાશ થઈ કુંવર અને મંત્રી ત્યાંથી રવાના થયા. રસ્તામાં પાણી પીવા જતાં કુંવર સમતુલા ગુમાવી બેઠા અને પડ્યા હેઠા. એક ઘરડા માજી ત્યાંથી પસાર થયા.


અરે ! કુંવરજી, આપને તો ઘણી ઈજા થઈ છે. હું હમણાં એક મલમ લઈ આવું.
કુંવરજી આ તો પેલા જમુનામાજી છે, જેઓ દુકાળમાં મદદ માંગવા આવ્યા હતા. પણ કુંવરજીને જમુના માજીની કોઈ સ્મૃતિ નહોતી.
જમુના માજીએ પ્રેમથી કુંવરજીના ઘા પર મલમ ચોપડ્યો. જે હાથની કરચલીઓ જોઈને એક વખત કુંવરજીને ચીતરી ચઢી હતી, તે જ હાથોનું વાત્સલ્ય નિહાળીને આજે કુંવરજીનું હૃદય ભરાઈ આવ્યું.
કુંવરજીએ માજીનો દિલથી આભાર માન્યો. માજીની આંખોમાંથી આંસુના બે ટીપાં સર્યા. જેવા કુંવરજી ઘોડા પર ચઢવા ગયા, એક અજાયબ ઘટના બની.
એમના વાંકા અંગ સીધા બની ગયા. હવે, કુંવરજીને વૈદની વાતનું રહસ્ય સમજાયું.
ઓહો, અમૃત એટલે કે આ લાગણીનું અમૃત. ખરું કહ્યું છે વિદ્વાનોએ - આ અમૃતમાં સામાને દુઃખમાંથી ઉગારવાની અજાયબ શક્તિ છે.
જમુના માજીની લાગણીઓથી ભીંજાઈ કુંવરજી એમની સામે ઝૂકી ગયા. તે દિવસ બાદ, પદ્માનગરીની પ્રજાને ક્યારેય રાણીમાની ગેરહાજરી સાલી નહીં.

# ચાલો રમીએ...




1

મિત્રો, બાજુમાં આપેલાં ચિત્રમાંથી નીચે આપેલી છૂપાયેલી વસ્તુઓ શોધો.





# 2

બાળમિત્રો, ઘડિયાળમાં શું સમય થયો છે ?



A) 5512
B) 5511
C) 5023
D) 5522



# 3

આપેલ કોયડો ઉકેલો.

A IS FATHER OF C.
D IS SON OF B.
NOW E IS FATHER OF A.
IF C IS SISTER OF D
THEN WHO IS E TO D?

ચાલો રમીએના જવાબ:

૧.



૩.Grandfather

૨. B) 5511

# ઐતિહાસિક ગૌરવગાથા

(મગધ દેશના મહામંત્રી નો પુત્ર સ્થૂલિભદ્ર ધર્મપ્રેમી હતો. પણ તે રાજનર્તકી રૂપકોશાના રૂપમાં અંજાઈ જઈને, એમાં આસક્ત બન્યો. રાજા ધનાનંદને મહામંત્રી પ્રત્યે અવિશ્વાસ જાગૃત થતાં, મંત્રી શકટાલે આત્મસમર્પણ કર્યું. આ ઘટનાની જાણ થતાં સ્થૂલિભદ્રને સંસાર પ્રત્યે વૈરાગ્ય જાગ્યો. પોતાના પાપો એને ડંખવા લાગ્યા. એનું પ્રાયશ્ચિત કરી, આત્માનું શાશ્વત સુખ પામવા તેઓ આચાર્ય સંભૂતિવિજય પાસે ગયા. હવે આગળ વાંચીએ.....)

જીવનની આ નવી દિશામાં સ્થૂલિભદ્ર બહુ જલદી અનુકૂળ થઈ ગયા. આત્માના કલ્યાણ માટે અને વીતેલા વર્ષોનું સાટું વાળતા હોય તેમ તેઓ ધર્મમાં જ રચ્યાપચ્યા રહેવા લાગ્યા. સાધુ તરીકે એમનું જીવન ઉદાહરણરૂપ બનતું જતું હતું. એમણે ગુરુનો પૂર્ણ વિશ્વાસ સંપાદન કર્યો. થોડા જ સમયમાં એમણે આંતરિક શત્રુ ઉપર કાબૂ મેળવી લીધો.

ચોમાસાની ઋતુ શરૂ થઈ. સાધુઓને ચાતુર્માસ એક જ જગ્યા એ સ્થિર થઈ ધર્મધ્યાન કરવાનું હોય. સ્થૂલિભદ્ર અને બીજા ત્રણ સાધુઓએ પોતાના સંયમી જીવનને ચકાસવા વિપરીત પરિસ્થિતિમાં ચાતુર્માસ પસાર કરવાનું નક્કી કર્યું. દરેકે પોતાની જાતે જ સ્થળ નક્કી કર્યા. એક સાધુએ સિંહની ગુફા પાસે રહેવાની ગુરુ પાસે મંજૂરી માંગી. એકે સાપના દર પાસે રહેવાની મંજૂરી માંગી, એક સાધુએ કૂવાની ધાર પર રહેવાની મંજૂરી માંગી. આચાર્યને દરેકની શક્તિ પર ભરોસો હતો અને તેથી તેમ કરવાની મંજૂરી આપી.




સ્થૂલિભદ્રે કોશાની ચિત્રશાળામાં ચાર માસ રહેવાની નમ્રતાપૂર્વક મંજૂરી માંગી. દૃઢ મનોબળવાળા સ્થૂલિભદ્રના આધ્યાત્મિક વિકાસ માટે આ જરૂરી હતું. તેથી ગુરુએ તેમ કરવાની મંજૂરી આપી.

સ્થૂલિભદ્રે કોશા પાસે જઈ, ચિત્રશાળામાં રહેવાની મંજૂરી માંગી. કોશાને ખૂબ જ નવાઈ લાગી. એને તો આશા જ ન હતી કે ફરી તે સ્થૂલિભદ્રને જોવા તેમ જ મળવા પામશે. સ્થૂલિભદ્રની ગેરહાજરીમાં તે ખરેખર ખૂબ જ દુઃખી હતી. હવે તે આનંદમાં આવી ગઈ. તેને સ્થૂલિભદ્રના ઈરાદાની ખબર ન હતી. કોશા તો સ્થૂલિભદ્રને પોતાના જીવનમાં પાછા લાવવા કટિબદ્ધ બની. પોતાની તમામ નૃત્યકલાઓ તથા રૂપ દ્વારા તે સ્થૂલિભદ્રને ચલાયમાન કરવાના પ્રયત્નો કરવા લાગી. પણ કોશાના અભૂતપૂર્વ સૌંદર્યથી પણ સ્થૂલિભદ્ર જરાય ન ડગ્યા. એમને તો હવે જન્મ-મરણના ફેરામાંથી મુક્તિ મેળવવી હતી. તેઓ આધ્યાત્મિક ધ્યાનમાં જ પોતાના મનને દૃઢ બનાવતા. અથાગ પ્રયત્નો કરવા છતાં કોશાની બધી જ યુક્તિઓ નિષ્ફળ ગઈ. અંતે એણે પણ શ્રાવિકા જીવન અંગીકાર કર્યું.

ચોમાસું પૂરું થતાં ચારેય સાધુઓ ગુરુ મહારાજ પાસે પાછા આવ્યા.

અને પોતપોતાના અનુભવો કહેવા લાગ્યા. પહેલા ત્રણેયે પોતાની સફળતાની વાતો કરી તે સાંભળી આચાર્ય પ્રસન્ન થયા અને તેઓને અભિનંદન આપ્યા. જ્યારે સ્થૂલિભદ્રે પોતાની કસોટીની વાતો કહી ત્યારે આચાર્ય પોતાની બેઠક પરથી ઊઠીને તેને ભેટી પડ્યા, અને ખૂબ જ અઘરી પરીક્ષા પાસ કરી એમ કહી તેને અભિનંદન આપ્યા. આ જોઈને બીજા ત્રણ સાધુને અદેખાઈ આવી.



સ્થૂલિભદ્રને આટલું બધું મહત્વ શા માટે ? તેઓએ તો ખરેખર ઘણી શારીરિક તકલીફો વેઠી હતી જ્યારે સ્થૂલિભદ્ર તો આખું ચોમાસું સુખ સગવડમાં જ રહ્યા. આચાર્યે સમજાવ્યું કે સ્થૂલિભદ્રે જે કર્યું છે તે અશક્ય કામ હતું, જે બીજા કોઈ ન કરી શકે.

પહેલા સાધુએ બડાઈ મારતાં કહ્યું કે, આવતા ચોમાસામાં હું કોશાના ઘરે ચાતુર્માસ કરીશ. આચાર્ય જાણતા હતા કે આ વાત તેના માટે શકિત બહારની છે. માટે તેમણે તેને ખૂબ જ સમજાવ્યો. પણ સાધુ પોતાની આધ્યાત્મિક શક્તિ સ્થૂલિભદ્ર કરતાં વધારે છે તેમ પૂરવાર કરવા માંગતા હતા. આચાર્યે અનિચ્છાએ તેમ કરવાની મંજૂરી આપી.

બીજે ચોમાસે તે સાધુ કોશાના મહેલમાં પહોંચી ગયા. કોશા હવે સાદું અને સંયમી જીવન પસાર કરતી હતી પણ સાદગીમાં પણ એનું રૂપ છાનું રહે એવું હતું નહીં. એને જોઈને સાધુ એમનો સંયમ ગુમાવી બેઠા. તેઓ કોશાના પ્રેમ માટે તડપવા લાગ્યા.

સ્થૂલિભદ્રનું પવિત્ર જીવન જોઈને કોશાએ સર્વસ્વ ત્યાગની જિંદગી કેવી હોય તે જાણ્યું હતું. સાધુની શાન ઠેકાણે લાવવા કોશાએ શરત મૂકી કે, તેઓ પાટલીપુત્રથી ઉત્તરે ૨૫૦ માઈલ દૂર આવેલા નેપાળમાં જઈને ત્યાંથી હીરાજડિત રેશમી વસ્ત્ર એને માટે લઈ આવે તો જ તેનો પ્રેમ પામી શકશે.

સાધુ ચોમાસામાં મુસાફરી ના કરી શકે પણ તેઓ કોશાને મેળવવા માટે એટલા પાગલ બન્યા હતા કે સાધુના બધા આદર્શો ભૂલી ગયા.

કેટલા દિવસોની પગપાળા મુસાફરી કરી, અનેક તકલીફો વેઠીને તેઓ રેશમી વસ્ત્ર લઈને કોશા પાસે આવ્યા. હવે જરૂર કોશા મારો પ્રેમ સ્વીકારશે એવી ઈચ્છાથી એમણે રેશમી વસ્ત્ર કોશાને આપ્યું.

કોશાએ કિંમતી વસ્ત્ર હાથમાં લીધું. તેનાથી પોતાના હાથ-પગ અને મોં લૂછીને કાદવમાં ફેંકી દીધું.

આ જોઈ ને સાધુ તો આઘાતથી દિગ્મૂઢ થઈ ગયા. એમણે કોશાને કહ્યું "કોશા, તું પાગલ છે ? અનેક તકલીફો વેઠીને આવી કિંમતી ભેટ હું તારા માટે લાવ્યો અને તેં એક ક્ષણમાં એને કાદવમાં ફેંકી દીધી ?"

જવાબમાં કોશાએ કહ્યું, "તમે પણ તો અનેક પ્રયત્નો અને તપશ્ચર્યા બાદ મેળવેલું તમારું સાધુત્વ એક ક્ષણમાં ધૂળધાણી કરી રહ્યા છો."

આ સાંભળી સાધુને પોતાની મૂર્ખાઈ સમજાઈ. એમણે કોશાની માફી માંગી અને પોતાને પતનના માર્ગેથી પાછા વાળવા બદલ ખૂબ ઉપકાર માન્યો.

તેઓ તરત આચાર્ય પાસે પહોંચી ગયા. એમના ગુનાઓની આલોચના કરી પ્રાયશ્ચિત કર્યું. તે જ દિવસથી સ્થૂલિભદ્ર માટેનો તેનો આદર અમાપ થઈ ગયો.

આમ કામવિજેતા મુનિ સ્થૂલિભદ્રનું નામ ૮૪ ચોવીશી સુધી યાદ રહેશે. **ક્રમશઃ**


# જીવંત ઉદાહરણ

સરદાર વલ્લભભાઈ પટેલ 'ધ આયર્ન મેન ઓફ ઈન્ડિયા - લોખંડી પુરુષ તરીકે જાણીતા છે. આ પોલાદી માનવીનું હૃદય ખૂબ જ પ્રેમાળ અને ભાવનાશીલ હતું.'

વલ્લભભાઈ અત્યંત મહત્વાકાંક્ષી હતા. ૧૮૯૭માં તેઓ મેટ્રિક થયા. આગળ ભણવાની ઘણી ધગશ હતી, પણ પૈસા નહોતા. તે સમયે મેટ્રિક પછી અમુક પ્રકારની પરીક્ષા આપી વકીલાત થઈ શકતી. વલ્લભભાઈના મોટાભાઈ વિઠ્ઠલભાઈએ પણ એવું જ કરેલું. વલ્લભભાઈના સ્વતંત્ર મિજાજને આ વ્યવસાય અનુકૂળ આવ્યો.

થોડો સમય આમ વકીલાત કર્યા બાદ વલ્લભભાઈને બેરિસ્ટર બનવાની મહત્વાકાંક્ષા જાગી. પણ તે જમાનામાં ઈંગ્લેન્ડમાં જઈ બેરિસ્ટર થવા માટે આઠ-દસ હજાર રૂપિયા જેવી મોટી રકમ જોઈએ. ત્રણ વર્ષ તનતોડ મહેનત કરી, કરકસરથી જીવી, વલ્લભભાઈએ પૈસા એકઠા કર્યા. દસ્તાવેજો તૈયાર કરાવ્યા, ટિકિટ મેળવી. પણ બન્યું એવું કે દસ્તાવેજ અને ટિકિટ વગેરે પોસ્ટમેને, વલ્લભભાઈના મોટાભાઈ, વિઠ્ઠલભાઈ પટેલને પહોંચાડ્યા. ટપાલ પર નામ હતું વિ.જે. પટેલ. વલ્લભભાઈ અને વિઠ્ઠલભાઈ બંનેને લાગુ પડે. તે વખતે પાસપોર્ટ પર ફોટો ચોંટાડવાની પ્રથા ન હતી.

વિઠ્ઠલભાઈ ટપાલ લઈને વલ્લભભાઈ પાસે પહોંચ્યા. કાગળિયા જોઈને વલ્લભભાઈ બહુ જ રાજી થયા. પણ તે વખતે તેઓ પોતાના મોટાભાઈની નારાજી પારખી ગયા. મોટાભાઈ સાથે વાત કરતાં ખ્યાલ આવ્યો કે એમને પણ વિદેશ જઈને ભણવાની ખૂબ જ ઈચ્છા છે.



આ વાતનો ખ્યાલ આવતા જ, સહેજ પણ વિચાર કર્યા વગર, વલ્લભભાઈએ પોતાના બધા જ કાગળિયા મોટાભાઈને આપી દીધા અને કહ્યું, "વિઠ્ઠલભાઈ, તમે ભાભી અને બાળકોની સહેજ પણ ચિંતા ના કરતા. તેઓ અમારી સાથે રહેશે. તમે બસ ઈંગલેન્ડ જવાની તૈયારી કરો. અને હા, ત્યાં પહોંચીને પૈસાની ફિકર પણ ના કરતા. બસ, ભણવામાં મન લગાડજો. પૈસા હું મોકલતો રહીશ." વિઠ્ઠલભાઈ પોતાના નાનાભાઈનું આવડું મોટું દિલ જોઈને સ્તબ્ધ બની ગયા.

અને આમ, વલ્લભભાઈએ કિંચિત્‌માત્ર સંકોચ વગર, મહામહેનતે ઊભી કરેલી રકમ, મોટાભાઈ માટે વાપરી. હાથમાં આવેલી તક ભાઈ માટે જતી કરી.

**તો મિત્રો, આવું હતું આપણા લોખંડી પુરુષનું લાગણીશીલ હૃદય !**

## મીઠી યાદેં



નીરુમા યુ.કે. હતા. ત્યાં એક સારું પ્રેસ હતું. એટલે ભાઈઓ એના મશીન જોવા જવાના હતા. આગલા દિવસે રાત્રે સત્સંગ પૂરો થયો પછી નીરુમા એમના રૂમ પર ગયા. દીપકભાઈ પણ હતા, થોડા યંગ ભાઈઓ હતા, મહાત્માઓ હતા.

નીરુમા સાથે બધા વાતો કરતા હતા. જે ભાઈઓને બીજે દિવસે પ્રેસ પર જવાનું હતું તેઓ ઊંચાનીચા થતા હતા કે નીરુમા વાતો બંધ કરી સૂવાનું કરે તો બધા મહાત્માઓ જાય અને અમે પણ સૂવા જઈએ. પણ નીરુમા સૂવે જ નહીં. નીરુમા સૂવે નહીં ત્યાં સુધી કોઈ જાય જ નહીં. અને નીરુમાને ઊંઘ આવે નહીં.

નીરુમા તો મૂડમાં વાતો કર્યે જાય, બધાને ખૂબ હસાવે. પેલા ભાઈઓ તો નીરુમાને જોયા જ કરે. એમને નીરુમા પાસેથી નીકળવું ય નહોતું અને જવાનું પણ હતું, એવી હાલત હતી. આમ કરતાં કરતાં રાતના એક વાગ્યો.

ત્યાં તો નીરુમા કહે, "મને ભૂખ લાગી છે. મને ફ્રેન્ચ ફ્રાઈઝ ખાવી છે."

થોડી વારમાં ફ્રેન્ચ ફ્રાઈઝ આવી. નીરુમાએ એક ખાધી અને બાકીની બીજા બધાને ખવડાવી. પછી ખબર પડી કે નીરુમાને ભૂખ લાગી જ નહોતી. એમને તો સૂઈ જ જવું હતું. પણ પેલા બ્રહ્મચારી ભાઈઓ જે આવ્યા હતા એ ભૂખ્યા હતા. જમવાનું બધું વાઈન્ડ અપ થઈ ગયું હતું, એ એમને ખ્યાલ. એટલે એમણે એમના માટે બનાવડાવી. જો નીરુમા ડાઈરેક્ટ કહેત કે, અહીં કંઈક બનાવી આપીએ છીએ, તો એ લોકો ના જ પાડત. માટે નીરુમાએ આ તરકીબ કરી.

અંતે બ્રહ્મચારી ભાઈએ કહ્યું, "નીરુમા, હવે સૂઈ જાઓ."

નીરુમા કહે, "મને તો ક્યારનું સૂવું છે, પણ તમે ઉઠતા નથી એટલે મને એમ કે તમારે મારી પાસે હજુ બેસવું છે. તમને આનંદ આવે છે, એટલે હું કંઈ બોલતી નથી."

પેલા ભાઈ કહે, "ઓહો, અમને બધાને પણ ક્યારનું સૂવું છે, પણ અમને એમ કે તમને ઊંઘ નથી આવતી લાગતી એટલે વાતોએ ચડ્યા છો."

અને આમ સામસામા ગોટાળાથી બધા બહુ હસ્યા અને છૂટા પડ્યા.

નીરુમા મહાત્માઓનું ધ્યાન રાખે અને મહાત્માઓ નીરુમાને ગમે એવું કરે.

**વાહ...કેવા અદ્ભુત જ્ઞાની અને કેવો અદ્ભુત જ્ઞાનીનો પરિવાર !**

Akram Express
February 2019
Year : 11, Issue : 6
Conti. Issue No.: 126

BAL VIGNAN
Fun 'n' Gnan with Dada

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2018-2020
valid up to 31-12-2020
LPWP Licence No. PMG/HQ/040/2018-20
valid up to 31-12-2020
Posted at Adalaj Post office
on 08th of every month

## નવા વર્ષની ઉજવણી નિમિત્તે બાળકો દ્વારા પૂજ્યશ્રીનું સ્વાગત



## પૂજ્યશ્રીએ ફરકાવ્યો અક્રમ ધ્વજ...



## બાળકો દ્વારા ડાન્સ



<u>અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના</u>

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # # હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 # #**. અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨. જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં. ૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **SMS** કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**, ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - ડિમ્પલ મહેતા દ્વારા
અંબા ઑફસેટ - B-99 GIDC, Sector - 25 ગાંધીનગર - ૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.